## એ અણજાણ વનની

(ફિલ્મઃ વેરનો વારસ)

ઓ અણજાણ વનની કેડી, તેં મુરલી કાં છેડી,
જાણે જમુના તટ પર રાસ રમવા.
કાનુડાએ રાધાને તેડી... તેં મુરલી...
હું નહીં જાણું તારૂં ગામ કે ઘર
એટલું જાણું તું તો મારો મોરલીધર
તારા સુરથી આતુર થઈને મેં તો,
મનની સજાવી છે મેડી... તેં મુરલી...
તારા ટેરવા મુરલી પર ફરે
મારૂં ઘાયલ મનડું ઝૂરે, સુણી મુરલીની તાન,
હું તો ભૂલી શાન ભાન,
મેં તો ઓઢી છે પ્રીતની પછેડી... તેં મુરલી...